કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

# દેવ પોઢી એકાદશી નિમિત્તે મંદિરોમાં ભક્તિનો માહોલ ચાતુર્માસના પ્રારંભ સાથે ભક્તોએ કર્યા પ્રભુના દર્શન



આષાઢ સુદ એકાદશી એટલે કે દેવ પોઢી એકાદશીના પાવન અવસરે શહેર અને ગ્રામ્ય વિસ્તારોના શ્રીવિષ્ણુ તથા શ્રીકૃષ્ણ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. ભગવાન શ્રીહરિ વિષ્ણુના વિશેષ શૃંગાર, પૂજન-અર્ચન, મહાઆરતી અને ભજન-કીર્તનના કાર્યક્રમો યોજાતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. દેવ પોઢી એકાદશીના દિવસથી ભગવાન શ્રીવિષ્ણુ ચાર મહિનાના યોગનિદ્રામાં પોઢે છે અને આજથી ચાતુર્માસનો પ્રારંભ થાય છે. ચાતુર્માસ દરમિયાન ધાર્મિક અનુષ્ઠાન, જપ-તપ, દાન, વ્રત અને સત્સંગનું વિશેષ મહત્વ માનવામાં આવે છે.આ પવિત્ર દિવસે મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપવાસ રાખી ભગવાન દ્વારકાધીશના દર્શન કરી સુખ, શાંતિ, સમૃદ્ધિ અને વિશ્વકલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. અનેક મંદિરોમાં પ્રસાદ વિતરણ, ધૂન, સત્સંગ અને ધાર્મિક પ્રવચનના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.દેવ પોઢી એકાદશીના પાવન પર્વે સમગ્ર વિસ્તારમાં ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. ભગવાન દ્વારકાધીશના ચરણોમાં વંદન કરી બધાનની સુખાકારી માટે પ્રાર્થના કરાઈ હતી.



કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

# ગુજરાતમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં ભારતીય સૈન્યની રાહત કામગીરી તેજ



## નવસારી, વલસાડ, સિલવાસા અને અમદાવાદ સહિતના વિસ્તારોમાં બચાવ અને રાહત માટે ટીમો તૈનાત

ગુજરાતમાં છેલ્લા ચાર દિવસથી સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાતા જનજીવન વ્યાપક રીતે પ્રભાવિત થયું છે. અસરગ્રસ્ત લોકોને તાત્કાલિક મદદ પહોંચાડવા માટે ભારતીય સૈન્ય દ્વારા રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.સૈન્યની વિશેષ ટીમોને નવસારી, વલસાડ, સિલવાસા અને અમદાવાદ સહિતના અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે. સ્થાનિક વહીવટી તંત્ર, એનડીઆરએફ, એસડીઆરએફ, પોલીસ અને અન્ય બચાવ એજન્સીઓ સાથે સંકલન સાધી સૈનિકો દ્વારા લોકોને સલામત સ્થળોએ ખસેડવા, જરૂરી ખાદ્યસામગ્રી, પીવાનું પાણી, દવાઓ તથા અન્ય આવશ્યક સહાય પહોંચાડવાની કામગીરી કરવામાં આવી રહી છે.રાજ્ય સરકાર દ્વારા પણ તમામ જિલ્લા વહીવટી તંત્રને સતત સતર્ક રહેવા, અસરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપી રાહત કામગીરી સુનિશ્ચિત કરવા અને નાગરિકોને જરૂરી તમામ સહાય ઉપલબ્ધ કરાવવા સૂચના આપવામાં આવી છે. ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા તથા તંત્રની સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે.





કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

# પ્રજાનું હિત સર્વોપરી

“સેવા, સંવેદના અને સમાજ પ્રત્યેની જવાબદારી—આ જ આપણું કર્તવ્ય.”ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા પંથકમાં ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના કારણે નાવલી નદીમાં પાણીની જાવક માં અવરોધ પુલ અંદર વૃક્ષો અને ઓવાળ તણાયને ભરાઈ ગયા હતા, તે આજરોજ સાવરકુંડલા નગરપાલિકા સેનિટેશન વિભાગની ટીમે ને સુચના આપી કઢાવ્યા હતા...






કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

# સાવરકુંડલા ખાતે પીર સરકાર સૈયદ ગુલામ અલી બાપુ કાદરી ફાતિમી અને પીર સૈયદ મોહમ્મદ દાદા બાપુ કાદરી ફાતિમી નો ઉર્સ મુબારક શાનો શોખથી ઉજવવામાં આવ્યો





તારીખ,23/7/2026 ગુરૂવાર ના રોજ ખૂબ જ મોહબતો ને અકિદત સાથે મનાવવામાં આવ્યો હતો તેમાં સવારે 9:30 થી જોહર ની નમાજ સુધી કુરાન ખાની અને ફાતિયા ખાની બાપુસાહેબના મજાર ઉપર રાખવામાં આવી હતી ત્યારબાદ શહેર તથા આવનાર મહેમાનો માટે નિયાજ નો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો બપોરે 1 થી અસર સુધી ઓરતો નો પ્રોગ્રામ એસ એમ જી કે સંકુલ માં રાખવામાં આવ્યો હતો રાત્રે ઈશાની નમાઝ બાદ નાત શરીફ અને તકરીર પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો સાથોસાથ શિક્ષણ ક્ષેત્રે ઊંચ ડીગ્રી પ્રાપ્ત કરનાર તેમજ મેડિકલ ક્ષેત્રે



MBS ડોક્ટર ઓર્થોપેડિક સર્જન જેવી મેડિકલ ડીગ્રી પ્રાપ્ત કરનારને ને મહેમાનોના હસ્તે ગોલ્ડ મેડલ આપી નવાજવામાં આવ્યા હતા અને 2026 માં જે લોકોએ હજ મુબારક ની સફર કરી હોય તેવા હાજી સાહેબનું પણ સન્માન કરવામાં આવ્યું હતું ગુજરાતમાં 600થી વધુ મસ્જિદ મદ્રાસા બનાવનાર અને લાખો લોકોને વ્યસન મુક્ત કરનાર પ્રણેતા પીર સૈયદ દાદા બાપુ કાદરી ના ઉર્સ મુબારક માં ચાલુ વરસાદે પણ હજારોની સંખ્યામાં બાપુનો ચાહકો ઉમટી પડ્યા હતા ઈશાની નમાજ બાદ દાદા બાપુ ના ખાનક બાગે રહેમત થી બાપુ ના ફરજંદ પીર સૈયદ મુનીર બાપુ ને ઈસુભાઈ પેન્ટર અને તેમની ટીમ દ્વારા બનાવેલ સ્પેશિયલ નાવડી આકારની બગીમાં હજારોની સંખ્યા સાથે સ્ટેજ ઉપર લઈ જવામાં આવ્યા હતા ઉષ્મા સૌરાષ્ટ્ર ગુજરાત મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોમાંથી મહેમાનો પધાર્યા હતા. જેમાં કાયદે મિલત પીરે તરીકતહુજુર સૈયદ મોહમ્મદ મહેમુદ અશરફ અશરફી જિલ્લાની અશરફી જિલ્લાની કિ છોછા મુકદ્દસ એ પોતાની મીઠી જબાનમાં તકરીર ફરમાવી હતી અને મશહુર ઈસ્લામિક સ્કોલર અલ્લામા ડોક્ટર મોહમ્મદ અબ્દુલ હકીમ શકાફી. અઝહરી સાહેબ . મુક્તિ નિઝામુદ્દીન સાહેબ. સૈયદ ઉવેશ બાપુ સાહેબ પણ તસરીફ લાવ્યા હતા અને તેમની હાજરીમાં દારૂલ ઉલુમ ફેજે મોહમ્મદી મા તૈયાર થયેલ આપી સાહેબ કારી સાહેબ તેઓને પણ સનદ આપવામાં આવી હતીઉર્સ દરમ્યાન આખી રાત ખાણીપીણીના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા સાદા તે કીરામ અને ઉલમા કીરામ સહિત હજારોની સંખ્યામાં બાપુનો કી પડ્યા હતા તેમ ગુલામ અલી બાપુ ઉર્ષ કમિટી અને ફૈઝે મોહમદી એજ્યુકેશનલ વેલ્ફર એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ને સુન્ની મુસ્લિમ જમાત ની યાદી માં જણાવેલ છે .
અહેવાલ - ઈદ્રીશજાદવ, સાવરકુંડલા



કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

# એમ્બીવેલીમાં પૂ. શ્રી ધીરગુરુદેવના સાનિધ્યે આરોગ્ય સેવા સાથે જોડાયેલા સેવાભાવીઓનું સન્માન



એમ્બીવેલી સિટીમાં બિરાજમાન પૂજ્ય શ્રી ધીરગુરુદેવના પાવન સાનિધ્યમાં શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર તથા શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત સંપૂર્ણ ફ્રી હોસ્પિટલ, સાવરકુંડલાના સેવાભાવી કાર્યકરોનું ભાવભેર અભિવાદન અને સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સેવા રત્ન તરીકે કાર્યરત શ્રી ભરતભાઈ શાહ, શ્રી હરેશભાઈ મહેતા, શ્રી દિવ્યકાન્તભાઈ સૂચક, શ્રી અમિતભાઈ, શ્રીમતી ઈન્દુબેન શાહ, શ્રીમતી યશોદાબેન મહેતા તેમજ શ્રીમતી કિરણબેન મગિયાનું પૂ. શ્રી ધીરગુરુદેવના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન સાવરકુંડલામાં કાર્યરત સંપૂર્ણ શ્રી હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક અને સેવાભાવી ભાવનાથી આપવામાં આવતી આરોગ્ય સેવાઓ અંગે પૂ. શ્રી ધીરગુરુદેવને વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સાથે જ સમાજના સર્વાંગી વિકાસ માટે સંચાલિત ભવ્ય શૈક્ષણિક સંસ્થાની કામગીરી અને તેના ઉદ્દેશો વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

પૂ. શ્રી ધીરગુરુદેવે આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલી આ સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી અને સેવાભાવીઓને સમાજહિતના કાર્યોમાં સતત સમર્પિત ભાવથી આગળ વધવા માટે શુભાશિષ પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ આધ્યાત્મિકતા, સેવાભાવ અને સમાજકલ્યાણની ભાવનાથી ઓતપ્રોત રહ્યો.

તારીખ : 25/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રદ્ધાંજલી



## સ્વ. કારેટ શ્યામ હકાભાઈ (ભરવાડ)

(ઉં.વ.૨૨) સ્વ. તા. ૨૩/૭/૨૦૨૬

આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં તમારી
અણધારી વસમી વિદાય જીવનમાં શુન્યાવકાશ સર્જી ગઈ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે.
હજુ પણ તમે છો અને સદૈવ અમારા
અંતરપટ પર રહેશો એ જ અમારી અશ્રુભીની આંખે પ્રાર્થના..

**સમસ્ત અમરાપરા તથા**
**નેહડા સમસ્ત (માલધારી ચોક)**

તારીખ : 25/07/2026

# અમરેલી જિલ્લામાં ભારે વરસાદ: બેના મોત, ઠેબી-ધાતરવડી ડેમ છલકાયા





અમરેલી જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન પડેલા અનરાધાર વરસાદે જનજીવનને ભારે અસર પહોંચાડી છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદને પગલે બે અલગ-અલગ દુર્ઘટનાઓમાં બે વ્યક્તિઓના મોત થયા છે, જ્યારે ઠેબી અને ધાતરવડી ડેમ ઓવરફ્લો થયા છે તેમજ અનેક માર્ગો પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર ખોરવાયો છે.લાઠી તાલુકાના માલવિયા પીપળીયા ગામે ખેતમજૂર દિનેશભાઈ મુવેલની ત્રણ વર્ષની પુત્રી નંદિની વાડીમાંથી બહાર નીકળતી વખતે પાણીના તેજ પ્રવાહમાં તણાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમે આશરે ચાર કલાક સુધી સાત કિલોમીટર વિસ્તારમાં સઘન શોધખોળ હાથ ધરી હતી. અંતે બાળકનો મૃતદેહ મળી આવતા તેને પોસ્ટમોર્ટમ માટે લાઠી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.બીજી તરફ લીલીયા તાલુકાના કૃષ્ણગઢ ગામે હિરાભાઈ પરતબતભાઈ પીપળવાની વાડીમાં કામ કરતા મધ્યપ્રદેશના 26 વર્ષીય યુવાન મિલસા પાણીના પ્રવાહમાં તણાઈ ગયા હતા. લાંબી શોધખોળ બાદ તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.અમરેલી જિલ્લામાં ગઈ રાતથી સતત વરસી રહેલા વરસાદમાં વડીયા તાલુકામાં સૌથી વધુ 10 ઈંચ વરસાદ નોંધાયો હતો. ઉપરાંત બગસરામાં સાડા છ ઈંચ, અમરેલી અને લીલીયામાં પાંચ-પાંચ ઈંચ, બાબરા અને લાઠીમાં સાડા ત્રણ ઈંચ, ધારી અને સાવરકુંડલામાં બે ઈંચ, ખાંભામાં દોઢ ઈંચ તેમજ રાજુલામાં સવા ઈંચ વરસાદ નોંધાયો હતો.ભારે વરસાદને પગલે રાજુલાનો ધાતરવડી ડેમ તથા અમરેલીનો ઠેબી ડેમ ઓવરફ્લો થયા હતા. જિલ્લાના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં ચાર મુખ્ય હાઈવે સહિત આશરે 15 ગ્રામિણ માર્ગો કલાકો સુધી બંધ રહ્યા હતા, જેના કારણે વાહનવ્યવહારને ભારે અસર પહોંચી હતી.લીલીયા શહેરમાં નાવલી નદીમાં આવેલા પૂરના પાણી નાવલી બજાર વિસ્તારમાં આવેલી દુકાનોમાં ઘૂસી જતાં વેપારીઓને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો.હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન પણ અમરેલી જિલ્લામાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોના લોકોને સાવચેત રહેવા, નદી-નાળા અને પાણી ભરાયેલા વિસ્તારોમાં જવાનું ટાળવા તેમજ જરૂરી હોય ત્યારે જ બહાર નીકળવા અપીલ કરવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 25/07/2026
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

૨૭ મી વાર્ષિક પુણ્યતિથિએ

## ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. નારાયણભાઈ વિશ્રામભાઈ વેગડા

સ્વ.તા. ૨૫/૭/૧૯૯૯

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી,
તમારા દિવ્ય આત્માને પરમકૃપાળુ
પરમાત્મા સદૈવ શાંતિ અર્પે એવી પ્રાર્થના..

| | | |
|---|---|---|
| પ્રવિણભાઈ વિશ્રામભાઈ ઓપ્લીગર | શાંતિભાઈ વિશ્રામભાઈ વેગડા | નિતાબેન ધીરૂભાઈ પટેલ |
| વિજયભાઈ વિશ્રામભાઈ વેગડા | રસિકભાઈ વિશ્રામભાઈ વેગડા | મીનાબેન હિરેનભાઈ ઉપાધ્યાય |
| અરવિંદબાપુ વિશ્રામભાઈ વેગડા | સવિતાબેન કાનજીભાઈ ચોપડા | પુનિત અરવિંદભાઈ વેગડા |
| | નિર્મળાબેન રવિભાઈ બોરીચા | નિખીલ નારણભાઈ વેગડા |

મહંત ઋષિશબાપુ * સીમાબેન એન.વેગડા * સ્વ. ઉષાબેન વાળસુર * પ્રિયાંશુ વેગડા * માણેક વેગડા

તારીખ : 25/07/2026

# ભેસાણ ડેમ ખાતે ચાલી રહેલા ઈમરજન્સી મરામત કાર્યની ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ લીધી સમીક્ષા



સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ ભેસાણ ડેમ ખાતે સિંચાઈ વિભાગ દ્વારા ચાલી રહેલા બંધના ઈમરજન્સી મરામત કાર્યની સ્થળ મુલાકાત લીધી હતી. તેમણે સ્થળ પર ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કરી અધિકારીઓ પાસેથી કામની પ્રગતિ અંગે વિગતવાર માહિતી મેળવી હતી.ધારાસભ્યશ્રીએ મરામત કાર્ય ઝડપથી, ગુણવત્તાસભર અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. સાથે જ કામ દરમિયાન સલામતીના તમામ ધોરણોનું પાલન થાય તેમજ કામગીરીમાં કોઈપણ પ્રકારની બેદરકારી ન રહે તેની પણ ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું.આ મુલાકાત દરમિયાન સિંચાઈ વિભાગના અધિકારીઓ અને સંબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



તારીખ : 25/07/2026

કે.ડી. NEWS

ના નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# જોઇએ છે....

* અનુભવી કોમ્પ્યુટર ઓપરેટર- ૧
* સેલ્સમેન - ૨

સારા પગાર ધોરણ સાથે...

રૂબરૂ મળવું...

# પટેલ ટ્રેક્ટર

મહુવારોડ, મેસી. ટાફે શો રૂમ, સાવરકુંડલા.

મો. 99091 61579

કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

# સુરત લોક અદાલતમાં શ્રેષ્ઠ કામગીરી બદલ યુવા એડવોકેટ જય અજમેરાનું ગૌરવપૂર્ણ સન્માન



સુરત ખાતે તા. 11 જુલાઈ, 2026ના રોજ યોજાયેલી લોક અદાલતમાં શ્રેષ્ઠ, અસરકારક અને પ્રશંસનીય કામગીરી બદલ સુરતના યુવા વકીલ એડવોકેટ જય અજમેરાને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી,સુરત ના ચેરમેન શ્રી આર. એ. ત્રિવેદી સાહેબ તથા ડી.આર. જોષી સાહેબ દવારા સન્માનિત કરવામાં આવ્યા હતા. લોક અદાલત એ વૈકલ્પિક વિવાદ નિવારણનું એક મહત્વપૂર્ણ અને અસરકારક માધ્યમ છે, જેમાં પક્ષકારો ને ઝડપી, સરળ અને સૌહાર્દપૂર્ણ રીતે વિવાદનો ઉકેલ મેવવવા ની તક મળે છે.આ લોક અદાલત દરમિયાન એડવોકેટ જય અજમેરાએ પોતાની કાયદાકીય કુશળતા, અસરકારક રજૂઆત, મહેનત અને પક્ષકારોના હિત પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે નોંધપાત્ર કામગીરી કરી હતી. તેમની કામગીરીને ધ્યાને લઈ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન યુવા વકીલ જય અજમેરાની કાનૂની ક્ષેત્રમાં વધતી પ્રતિષ્ઠા અને તેમની કાર્યક્ષમતા માટેની એક મહત્વપૂર્ણ સિદ્ધિતરીકે જોવામાં આવી રહી છે.નાની ઉંમરે કાનૂની ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી રહેલા એડવોકેટ જય અજમેરા એ પોતાની મહેનત, નિષ્ઠાઅને કાયદાકીય જ્ઞાનના આધારે વિશિષ્ટ સન્માન પ્રાપ્ત કર્યું છે.તેમના આ સન્માન થી પરીવારજનો વકીલમિત્રો અને કાનૂની ક્ષેત્ર સાથે સંકળાયેલા શુભેચ્છકોમાં આંનદની લાગણી ફેલાઈ છે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો તથા કાનૂની ક્ષેત્રના સહકર્મીઓએ એડવોકેટ જય અજમેરાને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ તેઓ કાનૂની ક્ષેત્રમાં વધુ પ્રગતિ કરે તથા સમાજના જરૂરિયાતમંદ લોકોને ન્યાય અપાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## હા...હા... ઈનામો સોનિકમાં ભાગ લીધેલ ગ્રાહકમિત્રો માટે જ આવશે...હા...હા...હા...

# ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




T & C APPLY*

**કુલ ઈનામો ૫૫૧**

**₹ ૭૫૦૦ 'ફ્રી'** ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

## સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...






કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

ક્રેડેં NEWS
તારીખ : 25/07/2026

# ઠેબી ડેમમાં પાણીની આવક બે દરવાજા ખોલી 570 ક્યુસેક પાણી છોડાયું



અમરેલી શહેર માટે જીવાદોરી સમાન ગણાતા ઠેબી ડેમમાં છેલ્લા 24 કલાક દરમિયાન અમરેલી અને આસપાસના વિસ્તારમાં નોંધાયેલા ભારે વરસાદના કારણે પાણીની જોરદાર આવક નોંધાઈ છે. સતત વધતી જળ આવકને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા આજે બપોરના સમયે ડેમના બે દરવાજા અડધો ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા.નાયબ ઈજનેરે જણાવ્યું હતું કે ડેમમાંથી પ્રતિ સેકન્ડ આશરે 570 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

ડેમની જળસપાટીમાં સતત વધારો થતાં પાણીનું નિયંત્રિત વિસર્જન કરવું જરૂરી બન્યું હતું.ડેમમાંથી પાણી છોડતા પહેલાં હેઠવાસમાં આવેલા અમરેલી, પ્રતાપપરા, ચાંપાઠળ સહિતના ગામોના લોકોને સાવચેત કરવામાં આવ્યા હતા. નદી કે ડેમના નીચાણવાળા વિસ્તારોમાં અનાવશ્યક અવરજવર ન કરવા તેમજ તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે ચાલુ ચોમાસામાં પ્રથમ જ વરસાદમાં ઠેબી ડેમ 50 ટકા સુધી ભરાયો હતો, જ્યારે તાજેતરના ભારે વરસાદને કારણે ડેમમાં ફરીથી નોંધપાત્ર પાણીની આવક થતાં પાણી છોડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

# કમાન્ડિંગ ઓફિસર કર્નલ કવારદીપ સોવનીની મોંઘીબા મહિલા કૉલેજ,અમરેલી ખાતે મુલાકાત (NCC કેડેટ્સને શિસ્ત, નેતૃત્વ અને રાષ્ટ્રસેવાના મૂલ્યો અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન )








3 ગુજરાત ગર્લ્સ બટાલિયન NCC ભાવનગરના કમાન્ડિંગ ઓફિસર કર્નલ કવારદીપ સોવનીએ તા.21 જુલાઈ 2026 ના રોજ અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલ ખાતે એન.સી.સી. વિભાગની મુલાકાત લીધી હતી. તેમની સાથે RM શ્રી શ્યામ સુંદર સાહેબ તથા સુબેદાર મેજર સંજયસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કોલેજના પ્રિન્સિપાલ ડૉ. વિલાસબેન સોરઠિયા તથા ANO લેફ્ટનન્ટ પ્રા. મનીષા સાગઠીયા દ્વારા મહાનુભાવોનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ કમાન્ડિંગ ઓફિસરે એન.સી.સી. કેસેટ્સ સાથે સંવાદ કરી શિસ્ત, નેતૃત્વ, વ્યક્તિત્વ વિકાસ, રાષ્ટ્રસેવા અને દેશભક્તિના મૂલ્યો અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કેડેટ્સને એન.સી.સી.ની વિવિધ તાલીમ અને કેમ્પોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરવા પ્રેરિત કર્યા હતા.

પ્રિન્સિપાલ ડૉ. વિલાસબેન સોરઠિયાએ કોલેજની એન.સી.સી.ની પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી અને મુલાકાત બદલ કમાન્ડિંગ ઓફિસરનો આભાર વ્યક્ત કર્યો. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક યોજાયો હતો.

તારીખ : 25/07/2026

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વરસાદી પાણીમાં ઊતરીને સ્થિતિનો તાગ મેળવ્યો



રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી થઈ રહેલા ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ શહેરના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ સ્થળ પરિસ્થિતિનું જાતે નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીએ આંબલી વિસ્તારની સેન્ટોસા પાર્ક સોસાયટી, ઘુમાની હરિઓમ વિલા અને ઈસ્કોન ગ્રીન સોસાયટી સહિતના વિસ્તારોમાં વરસાદી પાણીમાં ઊતરીને નાગરિકોની સ્થિતિનો તાગ મેળવ્યો તેમજ સ્થાનિક રહેવાસીઓ સાથે સીધો સંવાદ કરી તેમની મુશ્કેલીઓ અને જરૂરિયાતોની માહિતી મેળવી હતી.

આ તકે અમદાવાદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, જિલ્લા અને મહાનગરપાલિકાના વરિષ્ઠ અધિકારીઓ તેમજ સંબંધિત વિભાગોના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.સ્થળ મુલાકાત બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ મહાનગરપાલિકા, પોલીસ, માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય વિભાગ સહિત સંબંધિત તંત્રના અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણીના ઝડપી નિકાલ, રસ્તાઓ પર જમા થયેલા કાદવ અને કચરાની તાત્કાલિક સફાઈ, પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા તેમજ આરોગ્ય સેવાઓને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા સૂચનાઓ આપવામાં આવી હતી.મુખ્યમંત્રીએ અધિકારીઓને અસરગ્રસ્ત નાગરિકોને જરૂરી સહાય ઝડપથી પહોંચાડવા, વીજ પુરવઠો અને અન્ય આવશ્યક સેવાઓ વહેલી તકે પુનઃસ્થાપિત કરવા તેમજ આગામી વરસાદને ધ્યાનમાં રાખીને સતર્કતા સાથે કામગીરી ચાલુ રાખવા પણ નિર્દેશ આપ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## હવે બનશે આપના ધંધાની

# ડીઝીટલ પ્રોફાઈલ

### દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ



#### મુખ્ય સુવિધાઓ

- અનલિમિટેડ કેટેગરીઝ & પ્રોડક્ટ
- વિડીયો ગેલેરી
- કોન્ટેક્ટ ડીટેઈલ્સ
- વોટ્સએપ ડાયરેક્ટ ચેટ
- ક્લિક ટુ કોલ
- ગુગલ મેપ લોકેશન
- બિઝનેસ માહિતી અપડેટ કરવાની સુવિધા
- કસ્ટમર રિવ્યૂઝ
- સોશ્યલ મીડિયા લિંક્સ
- મોબાઈલ ફ્રેન્ડલી ડિઝાઈન




#### જેમાં આપને મળશે..

- તમારો પોતાનો ડીઝીટલ સ્ટોર
- તમારા ધંધાનું ઓનલાઈન માર્કેટ
- ગ્રાહકો સાથે સીધી વાત
- ઓર્ડર અને ગ્રાહકોનો સરળ રેકોર્ડ
- મોબાઈલમાં સરળ અને ઝડપી મેનેજમેન્ટ
- ગ્લોબલ ટાર્ગેટ ઓડિયન્સ
- વિશ્વસનીય, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર

**તમારો ધંધો હવે સ્માર્ટ બને.. ઓનલાઈન વધારો, વધુ કમાવો!**

તારીખ : 25/07/2026

# સાવરકુંડલા તાલુકાના બાઢડા સનાતન આશ્રમમાં ૬૧મો ગુરુપૂર્ણિમા મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાશે

મહાપૂજન, સત્સંગ, સંતવાણી, મહાપ્રસાદ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન; ભાવિકોને સહર્ષ નિમંત્રણઅમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામ સ્થિત શ્રી સનાતન આશ્રમ ખાતે બહુતાલીન પરમપૂજ્ય સ્વામી શ્રી દયાનંદબાપુની અસીમ કૃપાથી સંવત ૨૦૮૨ના અષાઢ સુદ પૂર્ણિમા, ગુરુવાર તા. ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ ૬૧મો શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ ભક્તિભાવ અને આધ્યાત્મિક માહોલ વચ્ચે ઉજવવામાં આવશે.મહોત્સવના પૂર્વસંધ્યાએ બુધવાર તા. ૨૮ જુલાઈના રોજ સાંજે ૭:00 થી ૧૦:00 વાગ્યા સુધી ભાવિકો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.ગુરુપૂર્ણિમાના દિવસે સવારે ૬:00 વાગ્યે ધ્વજારોહણ સાથે કાર્યક્રમનો પ્રારંભ થશે. સવારે ૬:00 થી બપોરે ૧૨:00 વાગ્યા સુધી ગુરુપાદુકા પૂજન યોજાશે. સવારે ૮:30 વાગ્યે હિમાલય દર્શનનો વિશેષ કાર્યક્રમ રહેશે. ત્યારબાદ બપોરે ૧૨:00 થી સાંજે ૪:00 વાગ્યા સુધી પ્રસાદ વિતરણ કરવામાં આવશે અને સાંજે ૭:00 થી ૮:00 વાગ્યા દરમિયાન સાંજની આરતી યોજાશે.આ ધાર્મિક મહોત્સવ દરમિયાન પૂજ્ય સીતારામબાપુ તેમજ શ્રી શિવકુંજ આશ્રમ (અમદાવાદ-ભાવનગર) અને શ્રી સત્સંગ વાત્સલ્ય આશ્રમ, સાણંદના સંતો અને ભક્તો દ્વારા ભક્તિમય સંતવાણીનું રસપાન કરાવવામાં આવશે, જે ભાવિકો માટે આધ્યાત્મિક પ્રેરણાનું કેન્દ્ર બનશે.દર વર્ષની પરંપરા મુજબ આશ્રમના પૂજ્ય જ્યોતિ મૈયા તથા પૂજ્ય ઉષા મૈયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે.

ગુરુપૂર્ણિમા મહોત્સવમાં મહાપૂજન, સત્સંગ, સંતવાણી અને મહાપ્રસાદનો લાભ લેવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહેશે.શ્રી સનાતન આશ્રમ સેવક મંડળ, બાઢડાએ તમામ ધર્મપ્રેમી ભક્તોને પરિવાર સહિત આ પવિત્ર ગુરુપૂર્ણિમા મહોત્સવમાં ઉપસ્થિત રહી ગુરુકૃપા અને આધ્યાત્મિક પ્રસાદનો લાભ લેવા સહર્ષ આમંત્રણ પાઠવ્યું છે.

તારીખ : 25/07/2026

# ત્રણ જોડી એક્સપ્રેસ ટ્રેનો હવે સાબરમતીના બદલે ગાંધીગ્રામથી ચાલશે, ચાંદખેડા રોડ સ્ટેશન પર મળશે વધારાનો સ્ટોપેજ

રેલવે બોર્ડની મંજૂરી અનુસાર સાબરમતી સ્ટેશનેથી પ્રસ્થાન અને સમાપ્તિ કરતી ત્રણ જોડી એક્સપ્રેસ ટ્રેનોનું ટર્મિનલ 26 ઓગસ્ટ, 2026થી તબક્કાવાર ગાંધીગ્રામ સ્ટેશન કરવામાં આવી રહ્યું છે. સાથે જ આ ટ્રેનોને ચાંદખેડા રોડ (CDK) સ્ટેશન પર પણ સ્ટોપેજ આપવામાં આવ્યું છે, જેના કારણે સ્થાનિક મુસાફરોને વધારાની સુવિધા મળશે.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે આ નિર્ણય અંતર્ગત નીચે મુજબની ટ્રેનો હવે ગાંધીગ્રામ સ્ટેશનથી સંચાલિત થશે—

1. 14822/14821 ગાંધીગ્રામ– જોધપુર–ગાંધીગ્રામ દૈનિક એક્સપ્રેસ અગાઉ સાબરમતી–જોધપુર–સાબરમતી તરીકે દોડતી આ ટ્રેન હવે ગાંધીગ્રામ–જોધપુર–ગાંધીગ્રામ દૈનિક એક્સપ્રેસ તરીકે દોડશે.• ટ્રેન નં. 14822 ગાંધીગ્રામ–જોધપુર દૈનિક એક્સપ્રેસ 27.08.2026થી દરરોજ સવારે 07.00 વાગ્યે ગાંધીગ્રામ સ્ટેશનથી પ્રસ્થાન કરશે અને તે જ દિવસે સાંજે 18.10 વાગ્યે જોધપુર પહોંચશે.• પરત ફરતી ટ્રેન નં. 14821 જોધપુર–ગાંધીગ્રામ દૈનિક એક્સપ્રેસ 26.08.2026થી દરરોજ સવારે 10.00 વાગ્યે જોધપુરથી પ્રસ્થાન કરીને તે જ દિવસે રાત્રે 21.00 વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે.

2. 12548/12547 ગાંધીગ્રામ–આગરા કેન્ટ સુપરફાસ્ટ એક્સપ્રેસ (અઠવાડિયામાં ચાર દિવસ) અગાઉ સાબરમતી–આગરા કેન્ટ સુપરફાસ્ટ એક્સપ્રેસ તરીકે દોડતી આ ટ્રેન હવે ગાંધીગ્રામ–આગરા કેન્ટ સુપરફાસ્ટ એક્સપ્રેસ તરીકે દોડશે.• ટ્રેન નં. 12548 ગાંધીગ્રામ–આગરા કેન્ટ સુપરફાસ્ટ એક્સપ્રેસ અઠવાડિયામાં ચાર દિવસ સોમવાર, બુધવાર, ગુરુવાર અને રવિવારે 26.08.2026થી સાંજે 16.40 વાગ્યે ગાંધીગ્રામથી પ્રસ્થાન કરીને બીજા દિવસે સવારે 07.05 વાગ્યે આગરા કેન્ટ પહોંચશે.• પરત ફરતી ટ્રેન નં. 12547 આગરા કેન્ટ–ગાંધીગ્રામ સુપરફાસ્ટ એક્સપ્રેસ અઠવાડિયામાં ચાર દિવસ સોમવાર, મંગળવાર, ગુરુવાર અને શુક્રવારે 25.08.2026થી રાત્રે 22.00 વાગ્યે આગરા કેન્ટથી પ્રસ્થાન કરીને બીજા દિવસે બપોરે 12.00 વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે.

3. 22548/22547 ગાંધીગ્રામ–ગ્વાલિયર સુપરફાસ્ટ એક્સપ્રેસ (અઠવાડિયામાં ત્રણ દિવસ) અગાઉ સાબરમતી–ગ્વાલિયર સુપરફાસ્ટ એક્સપ્રેસ તરીકે દોડતી આ ટ્રેન હવે ગાંધીગ્રામ–ગ્વાલિયર સુપરફાસ્ટ એક્સપ્રેસ તરીકે દોડશે.• ટ્રેન નં. 22548 ગાંધીગ્રામ–ગ્વાલિયર સુપરફાસ્ટ એક્સપ્રેસ અઠવાડિયામાં ત્રણ દિવસ મંગળવાર, શુક્રવાર અને શનિવારે 27.08.2026થી સાંજે 16.40 વાગ્યે ગાંધીગ્રામથી પ્રસ્થાન કરીને બીજા દિવસે સવારે 09.25 વાગ્યે ગ્વાલિયર પહોંચશે. • પરત ફરતી ટ્રેન નં. 22547 ગ્વાલિયર–ગાંધીગ્રામ સુપરફાસ્ટ એક્સપ્રેસ અઠવાડિયામાં ત્રણ દિવસ બુધવાર, શનિવાર અને રવિવારે 26.08.2026થી રાત્રે 20.10 વાગ્યે ગ્વાલિયરથી પ્રસ્થાન કરીને બીજા દિવસે બપોરે 12.00 વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે.

મુસાફરોની સુવિધા માટે રેલવે દ્વારા નેશનલ ટ્રેન ઈન્કવાયરી સિસ્ટમ (N T E S ), પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS), સ્ટેશનના માહિતી ફલકો તેમજ જાહેર જાહેરાત પ્રણાલીમાં જરૂરી સુધારાઓ કરવામાં આવી રહ્યા છે. પશ્ચિમ રેલવે મુસાફરોને વિનંતી કરે છે કે મુસાફરી પહેલાં ટ્રેનના સુધારેલ સમયપત્રક અને સંચાલન સંબંધિત નવીનતમ માહિતી અવશ્ય મેળવી લે.

અતુલ કુમાર ત્રિપાઠી
વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક
પશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

કે.ડી. NEWS
તારીખ : 25/07/2026

# 1 ઓગસ્ટથી જાળિયા અને સોનગઢ સ્ટેશનો પર બે જોડી પેસેન્જર ટ્રેનોનો પ્રાયોગિક સ્ટોપેજ

મુસાફરોની સુવિધા વધારવાની દિશામાં પશ્ચિમ રેલવેનું મહત્વપૂર્ણ પગલુંમુસાફરોને વધુ સારી રેલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અને સ્થાનિક સ્તરે રેલ સંપર્કને વધુ મજબૂત કરવાના હેતુથી પશ્ચિમ રેલવે દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સક્ષમ ઓથોરિટીની મંજૂરી બાદ ભાવનગર ડિવિઝનના જાળિયા (JA) અને સોનગઢ (SGD) સ્ટેશનો પર બે જોડી પેસેન્જર ટ્રેનોને પ્રાયોગિક સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

આ વ્યવસ્થા 1 ઓગસ્ટ, 2026 થી અમલમાં આવશે.ભાવનગર ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે પશ્ચિમ રેલવે દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ નીચે મુજબની ટ્રેનોનો પ્રાયોગિક સ્ટોપેજ રહેશે:જાળિયા (JA) સ્ટેશન પર:• ટ્રેન નંબર 59557/59560: પોરબંદર–ભાવનગર–પોરબંદર પેસેન્જર•ટ્રેન નંબર 59558/59559: ભાવનગર–વેરાવળ–ભાવનગર પેસેન્જરસોનગઢ (SGD) સ્ટેશન પર:• ટ્રેન નંબર 59557/59560: પોરબંદર– ભાવનગર–પોરબંદર પેસેન્જર ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી દિનેશ વર્માએ જણાવ્યું હતું કે આ ટ્રેનોના પ્રાયોગિક સ્ટોપેજથી જાળિયા અને સોનગઢ વિસ્તારના મુસાફરોને મુસાફરીમાં વધુ સુવિધા મળશે. આ સાથે સ્થાનિક નાગરિકોને વધુ સારું રેલ કનેક્ટિવિટી મળવાથી અવરજવર સરળ બનશે અને પ્રાદેશિક વિકાસને પણ પ્રોત્સાહન મળશે. પશ્ચિમ રેલવે મુસાફરોની જરૂરિયાતો અને લોક અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને રેલ સેવાઓનો વિસ્તાર કરવા, મુસાફરોની સુવિધાઓમાં સુધારો કરવા તેમજ સુરક્ષિત, સરળ અને અનુકૂળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે. મુસાફરોને વિનંતી છે કે મુસાફરી કરતા પહેલાં સંબંધિત ટ્રેનોના નવતર/અદ્યતન સમય અને અન્ય માહિતી રેલવેના અધિકૃત માધ્યમો દ્વારા અવશ્ય મેળવી લેવી.

અતુલ કુમાર ત્રિપાઠી
વરિષ્ઠ મંડલ
વાણિજ્ય પ્રબંધક
પશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

તારીખ : 25/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
## ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

**અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.**

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"નાવ સાગરનાં તોફાન સામે તો હજી કદાચ ટકી જાય છે, પણ પોતાનામાં પડેલ છિદ્ર સામે હારી જાય છે. નિંદક તકલીફો સામે તો કદાચ ટકી જાય છે, પણ પોતાના સ્વભાવ સામે હારી જાય છે !"




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



नो नेगेटीव न्यूज

# કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva®

**3464**
**25/07/2026**
**Saturday**

## आत्मा

गुरुमंत्र केवल कुछ शब्दों का समूह नहीं है, गुरु के "सुक्ष्मशरीर" से जुडने का माध्यम है,

बाबास्वामी
25/7/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 25/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




એક ભાઈને કહેવામાં આવ્યું કે મતદાન અવશ્ય કરવું જોઈએ તે વિશે બે શબ્દો બોલો તો કહ્યું કે મતદાન કેન્દ્ર જ એક માત્ર જગ્યા છે, જ્યાં પત્ની સાથે હોવા છતાંતમે તમારો અલગ મત નોંધાવી શકો છો આવો મોકો વારંવાર નથી મળતો મોકાનો ફાયદો ઉઠાવો મતદાન જરૂર કરો....

ભાઈ ટ્રેન અને બસમાં શું ફેર?

ચિન્ટુઃ બસમાં પંચર થાય ટ્રેનમાં ન થાય.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 25/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 25 જુલાઈ
# મહત્વની ઘટનાઓ

૧૯૦૮ – આજિનોમોટોની સ્થાપના કરવામાં આવી. ટોક્યો ઈમ્પિરિયલ યુનિવર્સિટીના કિકુને ઈકેડાએ કોમ્બુ સૂપ સ્ટોકના મુખ્ય ઘટક મોનોસોડિયમ ગ્લુટામેટ (એમએસજી)ના ઉત્પાદન માટેની પ્રક્રિયાના પેટન્ટ અધિકારો મેળવ્યા.

૧૯૨૦ – દૂરસંદેશાવ્યવહાર: પ્રથમ વખત, એટલાન્ટીક પાર, દ્વિમાર્ગી રેડિયો સંદેશાવ્યવહાર પ્રસારિત કરાયો.

૧૯૭૩ – સોવિયેત 'માર્સ ૫' અવકાશી પ્રોબનું પ્રક્ષેપણ કરાયું.

૧૯૭૮ – 'લુઈસ બ્રાઉન' (Louise Brown), વિશ્વના પ્રથમ 'ટેસ્ટ ટ્યુબ બાળક'નો જન્મ થયો.

૧૯૮૪ – 'સેલ્યુત ૭'ની અવકાશ યાત્રી 'સ્વેત્લાના સ્વિત્સકાયા' (Svetlana Savitskaya), અવકાશમાં ચાલનાર (Space walk) પ્રથમ મહિલા બની.

૧૯૯૭ - કે.આર.નારાયણન, ભારતના દસમા રાષ્ટ્રપતિ બન્યા, આ પદ પર આવનાર તેઓ પ્રથમ દલિત હતા.

૨૦૦૭ - પ્રતિભા પાટીલ ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા.

૨૦૧૦ – વિકિલિક્સ અફઘાનિસ્તાન યુદ્ધ વિશેના વર્ગીકૃત દસ્તાવેજો પ્રકાશિત કર્યા.

૨૦૨૨ – દ્રૌપદી મુર્મૂ ભારતના ૧૫મા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા. આ પદ પર આવનાર તેઓ અનુસૂચિત જનજાતિ સમુદાયના પ્રથમ વ્યક્તિ છે.

## જન્મ

૧૮૩૨ – કરસનદાસ મૂળજી, ઓગણીસમી સદીના ગુજરાતના પત્રકાર, લેખક અને સમાજ સુધારક (અ. ૧૮૭૫)

૧૮૭૫ – જીમ કોર્બેટ, ભારતીય શિકારી, પર્યાવરણવાદી અને લેખક (અ. ૧૯૫૫)

૧૯૨૯ – સોમનાથ ચેટરજી, ભારતનાં સામ્યવાદી નેતા, લોકસભાના ૧૪મા અધ્યક્ષ (અ. ૨૦૧૮)

## અવસાન

૧૯૪૪ – શ્રીદેવ સુમન, ટીહરી રાજ્યની રાજાશાહી સામે બળવો કરનાર ભારતના સ્વતંત્રતા સેનાની (જ. ૧૯૧૬)

તારીખ : 25/07/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




# હોલસેલ ભાવે

## નાની-મોટી

# ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



# રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 25/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

તારીખ : 25/07/2026

કે.ડી. NEWS

ના નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




76K

53K

38K

100K

**સંપર્ક : મો. 94997 97973**